રાજ્યના હવામાનમાં ભારે વિસંગતતા રાજકોટમાં ગરમી, મહુવામાં ઠંડી

આગામી 3 દિવસ તાપમાન 2થી 3 ડિગ્રી ઘટશે, જ્યારે ત્યારબાદ ફરીથી તાપમાન વધશે

અમદાવાદઃ ગુજરાતમાં હાલ હવામાનમાં ભારે વિસંગતતા જોવા મળી રહી છે. એક તરફ રાજકોટ સહિતના શહેરોમાં ગરમીનો પ્રકોપ વધ્યો છે, જ્યારે બીજી તરફ મહુવામાં વહેલી સવારે ઠંડીનો અનુભવ થયો છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ રાજકોટમા નોંધાયું હતું, જ્યારે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ મહુવામાં નોંધાયું હતું.

રાજ્યમાં બે દિવસનું માવઠા માટેનું યલો એલર્ટ જાહેર

હવામાન વિભાગે 19 અને 20 માર્ચ માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાં યેલો એલર્ટ જાહેર કર્યો છે.19 માર્ચે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ, દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ-દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં વીજળીના કડાકા સાથે 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન અને હળવા થી મધ્યમ વરસાદની શક્યતા છે.20 માર્ચે રાજ્યભરમાં વધુ વિસ્તારોમાં અસર જોવા મળશે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ અને તેજ પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગરમી વચ્ચે અચાનક પવન અને વરસાદના માવઠાથી ખેડૂતો તેમજ સ્થાનિક લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને વીજળી અને તેજ પવનને લઈને સતર્ક રહેવું જરૂરી છે.

રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો માહોલ રહ્યો હતો. અમદાવાદ, ગાંધીનગર અને ભૂજમાં 37 ડિગ્રી સુધી તાપમાન પહોંચ્યું હતું. સુરેનદ્રનગરમાં 38 ડિગ્રી, જ્યારે અમરેલીમાં પણ 37 ડિગ્રી નોંધાયું હતું. વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં 36 ડિગ્રી, સુરતમાં 33 ડિગ્રી અને પોરંબદરમાં તેમજ દમણમાં 31 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી 3 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. ત્યારબાદ ફરીથી 2 થી 3 ડિગ્રી સુધી તાપમાનમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત પશ્ચિમ રાજસ્થાન પર ઉપલા હવાના ચક્રવાતી પરિસ્થિતિ અને પશ્ચિમ વિક્ષેપ (Western Disturbance) સક્રિય બનતા રાજ્યના હવામાનમાં પલટો જોવા મળશે.

ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા અંગે વેબસાઈટ શરૂ, વિનામૂલ્યે રજિસ્ટ્રેશન કરાશે

વેબસાઈટ પર એકસાથે એક વ્યક્તિ છ નામોનું રજિસ્ટ્રેશન કરી શકશે

વધુમાં વધુ 49 પરિક્રમાર્થીઓનું જ રજિસ્ટ્રેશન થશે

ગાંધીનગરઃ નર્મદા જિલ્લામાં દર વર્ષે ફાગણ વદ અમાસથી ચૈત્ર વદ અમાસ સુધી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા યોજાય છે. આ વર્ષે પણ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા તા. ૧૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૪/૨૦૨૬ સુધી યોજાનાર છે. ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાના સુચારૂ આયોજન માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એક વેબસાઈટ બનાવવામાં આવી છે.

આ વેબસાઈટમાં એક સાથે એક વ્યક્તિ અન્ય ૬ નામોનું રજિસ્ટ્રેશન કરી શકે છે. તેમજ સમગ્ર પરિક્રમા દરમિયાન એક પરિક્રમાર્થી અલગ અલગ ૭ સ્લોટમાં મહત્તમ ૪૯ પરિક્રમાર્થીઓનું રજિસ્ટ્રેશન કરી શકશે. આ રજિસ્ટ્રેશન માટે કોઈપણ ફી ચુકવવાની રહેતી નથી. રજિસ્ટ્રેશન કરનાર મુખ્ય પરિક્રમાર્થીના મોબાઈલમાં ટેક્સ્ટ અને ઈ-મેઈલથી રજિસ્ટ્રેશન કર્યા અંગેનો QR કોડ આવશે. જેની પ્રિન્ટ તેઓએ સાથે લઈને આવવાની રહેશે. જે રજિસ્ટ્રેશન QR Code પરિક્રમા શરૂ થતા પહેલાં Scan કરવામાં આવશે. જે પણ પરિક્રમાર્થીઓનું રજિસ્ટ્રેશન થયેલું હશે તેમને પરિક્રમા અંગે તંત્ર દ્વારા બહાર પાડવામાં આવતી મહત્વની માહિતી ટેક્સ્ટ મેસેજ કે ઈ-મેઈલ દ્વારા મેળવી શકાશે તેથી આ વર્ષે પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને અવશ્ય રજિસ્ટ્રેશન કરવા માટે વહીવટી તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

વડોદરા સહિત રાજ્યની ૧૬ મનપામાં ૨૧-૨૨ માર્ચે 'અન્ન મહોત્સવ'

અન્ન મહોત્સવમાં કૃષિ તકનિકી વિસ્તાર, નવી કૃષિ પહેલ તેમજ મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ હશે

ગાંધીનગરઃ રાજ્યમાં તા. ૨૧ અને ૨૨ માર્ચે "શ્રી અન્ન મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર-૨૦૨૬"નું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતા રાજ્યના કેબિનેટ પ્રવક્તા અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ અમદાવાદના સાબરમતી નદી કિનારે યોજાશે, જ્યારે અમદાવાદ સહિત રાજ્યની ૧૬ મહાનગરપાલિકાઓમાં એકસાથે આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. તેમાં સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જૂનાગઢ, નવસારી, વાપી, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ શહેરોનો સમાવેશ થાય છે.

બે દિવસીય આ મહોત્સવ દરમિયાન અમદાવાદમાં અંદાજે ૮૫ સ્ટોલ અને અન્ય શહેરોમાં કુલ ૬૨૦ સ્ટોલ ખેડૂત મંડળીઓ, ઉત્પાદક સંગઠનો અને ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આથી ખેડૂતોને તેમના ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચાડવાની અને યોગ્ય ભાવ મેળવવાની તક મળશે. મહોત્સવમાં શ્રી અન્ન પ્રદર્શન, ખાદ્ય ઉત્સવ, કૃષિ તકનીકી વિસ્તાર, નવી કૃષિ પહેલો તેમજ મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ મુખ્ય આકર્ષણ બનશે. નાગરિકો અહીં પૌષ્ટિક અનાજની વિવિધ બનાવટો ખરીદી શકશે અને તાજી તેમજ સ્વસ્થ વાનગીઓનો સ્વાદ માણી શકશે. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, શ્રી અન્ન ઓછા પાણીમાં અને રાસાયણિક ખાતર વગર પણ ઉગી શકે છે, જેથી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે છે.

વિધાનસભામાં ધારાસભ્યો દ્વારા કરાતાં સૂચનો પર તાત્કાલિક અમલ કરો: CM

સૂચનો માત્ર ચર્ચા પૂરતાં જ મર્યાદિત રહેવા જોઈએ નહીં, સૂચનોના આધારે જરૂરી સુધારા તાત્કાલિક કરવામાં આવે

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નાગરિકોના હિતને કેન્દ્રસ્થાને રાખતા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠક અંગે માહિતી આપતા રાજ્ય સરકારના કેબીનેટ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ વિધાનસભામાં ધારાસભ્યો દ્વારા કરવામાં આવતા હકારાત્મક સૂચનો અને રજૂઆતોને ગંભીરતાથી લઈને તેને વહીવટી સ્તરે અમલમાં મૂકવા પર ભાર મૂક્યો છે. હાલમાં ચાલી રહેલા વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન વિવિધ વિભાગોની માંગણીઓ અને વિધેયકો અંગે ચર્ચા દરમિયાન શાસક પક્ષ તેમજ વિપક્ષના સભ્યો દ્વારા અનેક મહત્વપૂર્ણ સૂચનો કરવામાં આવે છે. મુખ્યમંત્રીએ આ સૂચનોને માત્ર ચર્ચા પૂરતા મર્યાદિત ન રાખતા, તેને કાર્યક્ષમ રીતે અમલમાં મૂકવા માટે રાજ્યના તમામ વિભાગોના સચિવોને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.મુખ્યમંત્રીએ સૂચના આપી છે કે ધારાસભ્યો દ્વારા નાગરિકોના હિતમાં કરવામાં આવેલા તમામ સૂચનોની વિગતવાર નોંધ લેવામાં આવે અને જો કોઈ નીતિના કારણે નાગરિકોને મુશ્કેલી ઉભી થતી હોય તો તેમાં જરૂરી સુધારા તાત્કાલિક કરવામાં આવે. તેમજ નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તેવા હકારાત્મક સૂચનોને પ્રાથમિકતા આપીને અમલમાં લેવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

યુદ્ધના કારણે અમેરિકાનું અર્થતંત્ર મંદીમાં ધકેલાઈ જવાની સંભાવના છે

ઈરાન સાથે ૧૯ દિવસના યુદ્ધને કારણે ઈરાન અને ઈઝરાયેલ ઉપરાંત અમેરિકા પણ આર્થિક રીતે બેહાલ બની રહ્યું છે. યુદ્ધમાં ફસાયેલા અમેરિકામાં ઘર ખરીદવાની ક્ષમતાનું સંકટ વધુ ઘેરું બની રહ્યું છે. પરિસ્થિતિ એટલી હદે પહોંચી ગઈ છે કે ૪૯ ટકા અમેરિકનો નિયમિત ભાડું કે લોનના હપ્તાની ચુકવણી કરી શકતાં નથી. એક સર્વે મુજબ ગયા વર્ષે મે મહિનામાં આ આંકડો ૪૪ ટકા હતો, જે એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં ૫ ટકાનો વધારો દર્શાવે છે. પરિસ્થિતિ એટલી હદે પહોંચી ગઈ છે કે લોકોને ભાડાં અને લોન ચૂકવણી માટે પૈસા બચાવવા માટે તેમના ભોજનમાં ઘટાડો કરવો પડી રહ્યો છે અને ભૂખમરો સહન કરવો પડી રહ્યો છે. તેમણે વેકેશન ગાળવાનાં તેમનાં સપનાંઓ છોડવાં પડી રહ્યાં છે અને તબીબી સારવાર પણ મુલતવી રાખવી પડી રહી છે. રેડફિનના સર્વે મુજબ ૬૭ ટકા Gen Z ને ઘર ખરીદવામાં મુશ્કેલી પડી રહી છે. Gen X માટે આ આંકડો ૫૩ ટકા અને બેબી બૂમર્સ માટે ૩૬ ટકાનો છે. ૧૯૯૭ થી ૨૦૧૨ ની વચ્ચે જન્મેલાં લોકોને Gen Z કહેવામાં આવે છે. તેવી જ રીતે ૧૯૬૫ થી ૧૯૮૦ ની વચ્ચે જન્મેલાં લોકોને Gen X અને ૧૯૪૬ થી ૧૯૬૪ ની વચ્ચે જન્મેલી પેઢીને બેબી બૂમર કહેવામાં આવે છે.

પરિસ્થિતિ એટલી હદે પહોંચી ગઈ છે કે અમેરિકામાં એક સામાન્ય ઘર ખરીદવા માટે વાર્ષિક ૧,૧૧,૦૦૦ ડોલરની આવક જરૂરી બની ગઈ છે, જે દેશના સરેરાશ પરિવારની આવક કરતાં ૨૫,૦૦૦ ડોલર વધુ છે. અમેરિકામાં રહેઠાણ ક્યારેય આટલું મોંઘું નહોતું. લોકોને પોતાનો સામાન વેચવો પડી રહ્યો છે અને ઘણાં યુવાનો પૈસા બચાવવા માટે પોતાનાં માતાપિતાનાં ઘરે રહેવા જઈ રહ્યાં છે. અમેરિકા મંદીમાં ફસાઈ જવાની શક્યતા વધી રહી છે. ફેબ્રુઆરીમાં આગામી ૧૨ મહિનામાં મંદીની સંભાવના વધીને ૪૮.૬ ટકા થઈ ગઈ, જે ૨૦૨૦ ના રોગચાળા પછી સૌથી વધુ છે. છેલ્લા છ મહિનામાં તેમાં ૧૫ ટકાનો વધારો થયો છે. આ સંભાવના મૂડીઝ ઇકોનોમિક ઇન્ડિકેટર પર આધારિત છે, જે વ્યાપક આર્થિક ડેટા અને મશીન લર્નિંગ મોડેલનો ઉપયોગ કરે છે. નિષ્ણાતો કહે છે કે શેરબજાર ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓમાંથી વિશ્વાસ ગુમાવી રહ્યું છે. નાસ્ડેક સોમવારે ૪ ટકા ઘટ્યો, જે સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો સૌથી મોટો એક દિવસનો ઘટાડો છે. એવી આશંકા છે કે બજારમાં ચાલી રહેલી ઊથલપાથલ વાસ્તવિક અર્થતંત્રમાં ફેલાઈ શકે છે. તાજેતરના મહિનાઓમાં પહેલાથી જ ઘટી રહેલા ગ્રાહક વિશ્વાસને વધુ ફટકો પડી શકે છે. આનાથી ગ્રાહક ખર્ચમાં ઘટાડો થઈ શકે છે, જે અમેરિકન અર્થતંત્રનો મુખ્ય આધાર છે. ડેલ્ટા એરલાઇન્સે સોમવારે તેના નફાના અંદાજને ઘટાડ્યો હતો અને ચેતવણી આપી કે કોર્પોરેટ અને ગ્રાહક વિશ્વાસમાં ઘટાડો હવાઈ

મુસાફરીની માંગને નુકસાન પહોંચાડી રહ્યો છે. S&P ગ્લોબલ માર્કેટ ઇન્ટેલિજન્સ અનુસાર ૨૦૨૫ ના પ્રથમ બે મહિનામાં કોર્પોરેટ નાદારીની કુલ સંખ્યા ૧૨૯ છે.

ઊંચા ટેરિફના જોખમને ટાંકીને, ગોલ્ડમેન સેક્સે મંદીની આગાહી વધારી છે. વોલ સ્ટ્રીટ બેંક હવે આગામી ૧૨ મહિનામાં મંદીની ૨૦ ટકા શક્યતા જુએ છે, જે અગાઉ ૧૫ ટકા હતી. ગોલ્ડમેન સેક્સના અર્થશાસ્ત્રીઓએ ગ્રાહકોને લખેલી એક નોંધમાં લખ્યું છે કે જો ખૂબ જ નબળો ડેટા હોવા છતાં વ્હાઇટ હાઉસ તેની નીતિઓ પ્રત્યે પ્રતિબદ્ધ રહેશે, તો મંદીનું જોખમ વધશે.

૧૯૯૯ થી ૨૦૦૧ સુધી અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી તરીકે સેવા આપનારા લોરેન્સ સમર્સે આગાહી કરી છે કે આગામી બે વર્ષમાં અમેરિકાના અર્થતંત્રમાં મંદી આવી શકે છે. સમર્સના મતે જ્યારે પણ ફુગાવો ૪ ટકાથી વધુ થયો અને બેરોજગારીનો દર ૪ ટકાથી નીચે ગયો ત્યારે મુખ્ય વૈશ્વિક અર્થતંત્રોએ મંદીનો અનુભવ કર્યો છે. અમેરિકાએ આ બંને માપદંડોને વટાવી દીધા છે.

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ એલોન મસ્કના મતે, અમેરિકા પહેલેથી જ મંદીમાં છે. જો કેપિટોલને ખોટી રીતે ફાળવવામાં આવે તો આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. માઇક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સે જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ફુગાવો વધ્યો છે, જેના કારણે મોટા ભાગના દેશોએ વ્યાજ દરમાં વધારો કર્યો છે. વ્યાજ દરમાં આ વધારો અર્થતંત્રને ધીમું કરી રહ્યો છે અને મંદી તરફ દોરી શકે છે.

અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને મોટા ભાગના દેશો તેની સાથે જોડાયેલા છે. ૨૦૦૮ ની મંદી પણ અમેરિકામાં શરૂ થઈ હતી અને પછી તેણે સમગ્ર વિશ્વને ઘેરી લીધું હતું. જો કે, તે સમયે ભારત પર તેની અસર ઓછી હતી. ફુગાવો ૪૧ વર્ષના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. ડેટા દર્શાવે છે કે ઊર્જા, ખાદ્ય પદાર્થો અને મકાનોના ભાવમાં વધારો થયો છે, જેના કારણે અમેરિકાનો ગ્રાહક ભાવ સૂચકાંક જૂનમાં ૯.૧ ટકા પર પહોંચી ગયો છે. આનાથી ફેડરલ રિઝર્વ આ મહિનાના અંત સુધીમાં વ્યાજ દરમાં ૧૦૦ બેસિક પોઈન્ટ અથવા ૧ ટકા વધારો કરી શકે છે.

અમેરિકામાં ખનિજ તેલ અને ગેસના ભાવમાં તાજેતરમાં જ તીવ્ર વધારો થયો છે. મંગળવારે દેશમાં ગેસોલિનના ભાવ ૩.૭૨ ડોલર પ્રતિ ગેલન પર પહોંચી ગયા, જે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ પછીનો સૌથી વધુ છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી ભાવમાં પ્રતિ ગેલન ૭૪ સેન્ટનો વધારો થયો છે. આ ગયા મહિનામાં ૨૬.૯ ટકાનો વધારો દર્શાવે છે, જે વાવાઝોડા કેટરિના પછીનો સૌથી મોટો એક મહિનાનો વધારો છે. ઐતિહાસિક રીતે, મંદી સિવાય આટલી ઊંચી સંભાવના ક્યારેય જોવા મળી નથી. રોજગારનું બજાર બગડતાં મંદીની શક્યતા વધી રહી છે. ૨૦૨૬ના માર્ચમાં તે ૫૦ ટકાથી વધુ થવાની ધારણા છે, કારણ કે ઈરાનના યુદ્ધને કારણે ક્રુડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો થયો છે. બીજા વિશ્વયુદ્ધના ડેટા પર નજર કરીએ તો COVID-૧૯ રોગચાળા સિવાય દરેક મંદી પહેલાં ખનિજ તેલના ભાવમાં વધારો થયો છે.

માત્ર ૨૦ દિવસ પહેલાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા ગણાતા અમેરિકામાં શેરબજાર સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે હતું. દેશની અર્થવ્યવસ્થા સ્વસ્થ ગતિએ આગળ વધી રહી હતી અને મંદીના કોઈ સંકેત દેખાતા નહોતા. પરંતુ હવે, દરેક જગ્યાએ મંદીની ચર્ચા થઈ રહી છે. મંદીના ભયથી શેરબજાર હચમચી રહ્યું છે. GDP નો અંદાજ ઘટી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની આર્થિક ટીમ બાબતમાં મંદીની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતે મંદીની શક્યતાને નકારી નથી. તેમના નિવેદન બાદ, સોમવારે શેરબજાર તૂટી પડ્યું હતું. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ પણ મંગળવારે ટ્રેડિંગમાં ૬૦૦ પોઇન્ટ ઘટી હતી. ૧૯ ફેબ્રુઆરીથી S&P ૫૦૦ માં સમાવિષ્ટ કંપનીઓના માર્કેટ કેપમાં ૫ ટ્રિલિયન ડોલરનો ઘટાડો થયો છે.

આશ્ચર્યજનક રીતે અમેરિકન અર્થતંત્ર માટેનું ચિત્ર ફક્ત ૨૦ દિવસમાં બદલાઈ ગયું છે. જે રોકાણકારો થોડા મહિના પહેલાં અર્થતંત્રને ખૂબ મજબૂત માનતા હતા તેઓ હવે આવનારી મુશ્કેલીઓ માટે પોતાને તૈયાર કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પની આર્થિક કાર્યસૂચિ, ખાસ કરીને તેમની તરંગી ટેરિફ યોજનાઓની આસપાસની મૂંઝવણ અર્થતંત્રમાં અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું કરે છે. નિષ્ણાતો કહે છે કે અમેરિકન અર્થતંત્ર ખૂબ જ સ્થિતિસ્થાપક છે. તે પડકારોનો સામનો કરી શકે છે અને વિકાસ ચાલુ રાખી શકે છે, પરંતુ તેને અનિશ્ચિતતા પસંદ નથી. ટેરિફ કિંમતમાં વધારો કરે છે અને વૃદ્ધિને અસર કરે છે. ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર વારંવાર તેના અભિગમમાં ફેરફાર કરીને પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહ્યું છે.

અનિશ્ચિતતાનું સ્તર ભયજનક છે. આના કારણે માંગમાં ઘટાડો થઈ રહ્યો છે, કંપનીઓ રોકાણ રોકી રહી છે અને લોકો ખર્ચ કરવાનું ટાળી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પની તરંગી નીતિઓને કારણે અર્થતંત્ર વારંવાર આંચકાઓનો ભાર વહન કરી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

નિષ્ણાતો કહે છે કે શેરબજાર ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓમાંથી વિશ્વાસ ગુમાવી રહ્યું છે. નાસ્ડેક સોમવારે ૪ ટકા ઘટ્યો, જે સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો સૌથી મોટો એક દિવસનો ઘટાડો છે

BUSINESS મિત્ર

શેરબજારમાં સતત ત્રીજા દિવસે મજબૂતાઇઃ ઇન્ટ્રાડેમાં સેન્સેક્સે 77000 અને નિફ્ટી 23850 પોઇન્ટની સપાટી કુદાવી

શેરબજારમાં ચોતરફ તેજીઃ રોકાણકારોની મિલકતમાં 5.5 લાખ કરોડનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 18: ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆતથી રીકવરી સાથે તેજીની ચાલ જોવા મળી રહી છે, જે આજ સતત ત્રીજા દિવસે શેરબજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. જેમાં સેન્સેક્સ 633 પોઇન્ટ અને નિફ્ટી 196 પોઇન્ટ ઉછળ્યા હતા. ઇન્ટ્રાડેમાં સેન્સેક્સે 77000 પોઇન્ટ અને નિફ્ટીએ 23850 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આમ, આજે તમામ ક્ષેત્રોમાં લેવાલી રહેતા રોકાણકારોને રૂ. 5.5 લાખ કરોડની કમાણી થઇ હતી.

આજના કારોબારના દિવસ દરમ્યાન તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. જેમાં સૌથી વધુ આઇટી, રિયલ્ટી અને ટેલિકોમ શેરોમાં ઉછાળો જોવાયો હતો. જે તમામ સેકટરો 2 ટકા સુધર્યા હતા. જ્યારે કન્ઝયુમર ડ્યુરેબલ્સ, હોસ્પિટલ, કેપિટલ માર્કેટસ, પીએસયુ બેન્ક અને ઓટો ઇન્ડેકસ એક ટકાથી વધુ સુધર્યા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 438.81 લાખ કરોડનું હતું. જેમાં 5.51 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

આજે પણ બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું, જેને લાર્જકેપ શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 1.80 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.05 ટકા વધ્યો હતો, જેના પરિણામે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 3196 શેરો વધ્યો હતો, જ્યારે 1095 શેરો ઘટયા હતા તથા 146 શેરો યથાવત રહ્યો હતો.

મીડિયા શેરોમાં લેવાલીએ નિફ્ટી મીડિયા ઇન્ડેકસ 3.35 ટકા વધ્યો હતો. જેમાં નઝારા ટેકનો, સન ટીવી, નેટવર્ક 18 મીડિયા, ટીપ્સ મ્યુઝીક, પ્રાઇમ ફોકસ, ડીબી કોર્પ, હેથવે કેબલ, ઝી એન્ટર, પીવીઆર વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન યુનિયનના ફુગાવાના ડેટાની રાહ જોવાઇ રહી છે, તમજ યુરોપિયન સેન્ટ્રલ બેન્ક, બેન્ક ઓફ ઇંગ્લેન્ડ, સ્વીસ બેન્કના નીતિગત નિર્ણયો પર રોકાણકારો રાહ જોઇ રહ્યા છે. જે પુર્વે યુરોપિયન બજારોમાં નીચેથી સુધારો જોવા મળ્યો હતો. આ ઉપરાંત, ફેડરલ રિઝર્વના વ્યાજદરના નિર્ણયની રાહ જોવાઇ રહી છે, તે પુર્વે એશિયન બજારો પણ સુધારા સાથે બંધ રહ્યા હતા. બજારોની અપેક્ષા છે કે, ફેડરેટમાં કોઇ ફેરફાર થશે નહીં, અને વ્યાજદર સ્થિર રાખશે. જ્યારે ડેટા ફ્રન્ટમાં જાપાનની નિકાસ વાર્ષિક ધોરણે 4.2 ટકા વધી છે, જેની એશિયન બજારોમાં પોઝિટિવ અસર જોવાઇ હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.28 ટકા, કેક 0.92 ટકા અને ડેક્સ 0.68 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.55, સ્ટ્રેઇટસ 1.32 ટકા, હેંગેસંગ 0.57 ટકા, તાઇવાન 1.48 ટકા, કોસ્પી 4.80 ટકા અને શાંઘાઇ 0.32 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 633.29 પોઇન્ટ એટલે કે 0.83 ટકા વધીને 76704.13 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77000 પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નીચામાં 76187 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 196.65 પોઇન્ટ એટલે કે 0.83 ટકા વધીને 23750 પોઇન્ટની સપાટી કુદાવીને 23777.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 23850 પોઇન્ટની સપાટી કુદાવીને 23862 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23618 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 450.05 પોઇન્ટ એટલે કે 0.82 ટકા વધીને 55000 પોઇન્ટની સપાટી કુદાવીને 55326.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે જેબીએમ ઓટોમાં 31.1 ગણા, ઝેન્સર ટેકનોમાં 21.86 ગણા, થ્રીએમ ઇન્ડિયામાં 21.45 ગણા, ચાલેટ હોટલ્સમાં 21.41 ગણા અને આશાહી ગ્લાસમાં 7.19 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે આશાહી ઇન્ડિયા ગ્લાસમાં 122.78 ગણા, જેબીએમ ઓટોમાં 120.58 ગણા, એમએમટીસીમાં 82.68 ગણા, ટ્રાઇડેન્ટ લિ.માં 14.55 ગણા, ઓલેક્ટ્રા ગ્રીનટેકમાં 11.89 ગણા કામકાજ નોંધાયા છે.

રૂપિયો નવી નીચી ઐતિહાસિક સપાટીએ

બે દિવસના નજીવા સુધારા બાદ આજે રૂપિયો નવી નીચી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 25 પૈસા તૂટીને 82.63ની નવી નીચી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો છે. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.38ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.47, પાઉન્ડ 123.50, કેનેડિયન ડોલર 67.61, ઓસ્ટ્રેલિયન ડોલર 65.76, જાપાનીઝ યેન 0.5824 અને સીંગાપોર ડોલર 72.36ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	92.63 રૂ.
યુરો	106.47 રૂ.
પાઉન્ડ	123.50 રૂ.
યેન	0.5824 રૂ.

સેન્સેક્સ	633.29	76704.13
નિફ્ટી	196.65	23777.80
બેન્ક નિફ્ટી	450.05	55326.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
જિયો ફાઇનાન્સીયલ	4.46	248.20
ઇટર્નલ	3.37	242.54
ટેક મહિન્દ્રા	3.23	1385.20
ઇન્ફોસીસ	2.77	1267.10
મહિન્દ્રા-મહિન્દ્રા	2.74	3214.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોલ ઇન્ડિયા	1.53	455.20
એનટીપીસી	1.27	378.50
એચયુએલ	1.06	2135.30
સીપલા	1.05	1268.50
સન ફાર્મા	0.90	1778.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	3.37	242.60
ટેક મહિન્દ્રા	3.27	1386.35
ઇન્ફોસીસ	2.84	1267.45
મહિન્દ્રા-મહિન્દ્રા	2.68	3214.50
એચસીએલ ટેક્નો	2.62	1355.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	1.29	378.50
એચયુએલ	1.04	2136.15
સન ફાર્મા	0.87	1780.00
એચડીએફસી બેન્ક	0.34	842.95
આઇટીસી	0.30	304.05

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩
૩૦/૩૬ એફડી	૨૩૮
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧